# રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧, ગાંધીનગર

## મુખ્યમંત્રી જ્ઞાનસાધના મેરીટ સ્કોલરશીપ-2024 પરીણામનું જાહેરનામું

જાહેરનામાં ક્રમાંક:રાપબો/CGMS/2024/5072-5156 તા: 18/05/2024

રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરના તા.25/01/2024ના જાહેરનામા ક્રમાંકઃરાપબો/જ્ઞા સ્કો.પરીક્ષા/2024-25/477-565થી મુખ્યમંત્રી જ્ઞાનસાધના મેરીટ સ્કોલરશીપ યોજના અંતર્ગત ધોરણ-1 થી 8 નો અભ્યાસ પૂર્ણ કરેલ વિદ્યાર્થીઓને મેરીટના ધોરણે સરકારી/ગ્રાન્ટેડ અથવા નિયત ધારાધોરણ મુજબ પસંદ થયેલ સ્વનિર્ભર શાળાઓ પૈકીની માધ્યમિક શાળાઓમાં ધોરણ-9માં પ્રવેશ મેળવી ધોરણ-12 સુધીનું શિક્ષણ પ્રાપ્ત કરી શકે તે માટે મુખ્યમંત્રી જ્ઞાનસાધના મેરીટ સ્કોલરશીપ માટેની પરીક્ષાનું આયોજન તા.30/03/2024ના રોજ 3.00 થી 5.30 કલાકે રાજયના તમામ જિલ્લાઓમાં કરવામાં આવેલ હતું.

આ પરીક્ષાની પ્રોવિઝનલ આન્સર કી તા.06/04/2024ના રોજ કચેરીની વેબસાઇટ www.sebexam.org પર મુકવામાં આવેલ હતી અને આ પરીક્ષાના કોઇ પ્રશ્ન / પ્રોવિઝનલ આન્સર કી ના ઉત્તર સામે ઉમેદવાર રજુઆત કરવા માગતા હોય તો નિયત પત્રકમાં તા.06/04/2024 થી તા.12/04/2024 સુધી તમામ વિગતો ભરીને જરૂરી માન્ય આધારો સાથે કચેરીના ઇ-મેઇલ એડ્રેસ sebg.query@gmail.com પર મોકલી આપવા સુચના આપવામાં આવેલ હતી.

ઉમેદવારો દ્વારા પેપરના કોઇ પ્રશ્ન/પ્રોવિઝનલ આન્સર કી ઉત્તર સામે મળેલ તમામ રજુઆતોને તજજ્ઞ સમિતિ સમક્ષ મુકવામાં આવેલ હતી. તજજ્ઞ સમિતિ દ્વારા તમામ રજુઆતો અને આધારોની ચકસણી કર્યા બાદ આ પરીક્ષાની ફાઇનલ આન્સર કી કચેરીની વેબસાઇટ www.sebexam.org પર મુકવામાં આવેલ હતી.

રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા તા.18/05/2024 (શનિવાર)ના રોજ "મુખ્યમંત્રી જ્ઞાનસાધના મેરીટ સ્કોલરશીપ(CGMS)-2024 "નું પરીણામ જાહેર કરવામાં આવે છે.

❖ પરીણામનો વિગતો

| Marks | Male | Female | Total |
|---|---|---|---|
| 0 To 39 | 138805 | 128302 | 267107 |
| 40 To 44 | 28613 | 35366 | 63979 |
| 45 To 49 | 18041 | 23079 | 41120 |
| 50 To 54 | 11767 | 14859 | 26626 |
| 55 To 59 | 8073 | 9406 | 17479 |
| 60 To 64 | 5388 | 5918 | 11306 |
| 65 To 69 | 3583 | 4008 | 7591 |
| 70 To 74 | 2441 | 2381 | 4822 |
| 75 To 79 | 1558 | 1398 | 2956 |
| 80 To 84 | 950 | 830 | 1780 |
| 85 To 89 | 605 | 489 | 1094 |
| 90 To 94 | 297 | 193 | 490 |
| 95 To 99 | 144 | 102 | 246 |
| 100 To 104 | 30 | 46 | 76 |
| 105 To 109 | 16 | 8 | 24 |
| 110 To 114 | 1 | 1 | 2 |
| 115 To 120 | 0 | 0 | 0 |
| **Total** | **220312** | **226386** | **446698** |

- મુખ્યમંત્રી જ્ઞાનસાધના મેરીટ સ્કોલરશીપ -2024 માં બેસનાર વિદ્યાર્થીઓની કુલ સંખ્યા 446698
- આ પરિણામમાં કુલ 05 શાળાઓના 05 વિદ્યાર્થીઓ 90 % કરતા વધુ ગુણ (108 કરતા વધુ ગુણ) મેળવેલ છે.
- આ પરિણામમાં કુલ 232 શાળાઓના 280 વિદ્યાર્થીઓ 80 % કરતા વધુ ગુણ (96 કરતા વધુ ગુણ ) મેળવેલ છે.
- આ પરિણામમાં કુલ 1457 શાળાઓના 2196 વિદ્યાર્થીઓ 70 % કરતા વધુ ગુણ (84 કરતા વધુ ગુણ) મેળવેલ છે.
- આ પરિણામમાં કુલ 4510 શાળાઓના 9268 વિદ્યાર્થીઓ 60 % કરતા વધુ ગુણ (72 કરતા વધુ ગુણ) મેળવેલ છે.
- ઉપરોકત વિગતો જોતાં મેરીટ યાદીમાં 50% (60 કરતા વધુ ગુણ) કરતા વધુ ગુણ મેળવનાર 9997 શાળાના 30387 વિદ્યાર્થીઓ પૈકીના વિદ્યાર્થીઓનો સમાવેશ સંભવતઃ થશે. (CGMS યોજના અંતર્ગત ૨૫૦૦૦ વિદ્યાર્થીઓનો સમાવેશ થશે.)

સંબંધિત કચેરી દ્વારા ટૂંક સમયમાં વિદ્યાર્થીઓના રજીસ્ટ્રેશનની કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

આ પરિણામની યાદીના વિદ્યાર્થીઓને જે તે યોજના અંતર્ગત સરકારશ્રીના ઠરાવો અને પ્રવર્તમાન નિયમો/જોગવાઇ અનુસાર સંબંધિત કચેરી દ્વારા આ અંગેની આગળની આનુષાંગિક કાર્યવાહી કરવામાં આવશે અને મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે. મેરીટ યાદીમાં સમાવેશ થયેથી યોજનાનો લાભ મળશે જ તેવો દાવો કરી શકાશે નહિ.

વિદ્યાર્થી www.sebexam.org website થી પોતાનું પરિણામ જોઇ શકશે તેમજ પોતાની શાળા મારફત એટેન્ડસ પોર્ટલ પરથી પણ પરિણામ જાણી શકશે.

(પી.કે.ત્રિવેદી)
અધ્યક્ષ
રાજય પરીક્ષા બોર્ડ,
ગાંધીનગર.

સ્થળઃ-ગાંધીનગર
તા.18/05/2024

**નકલ સવિનય રવાના જાણ સારૂ :**

- માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. રાજય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. સચિવશ્રી(પ્રા.મા.શિક્ષણ)ના અંગત મદદનીશશ્રી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગાંધીનગર.
- માન.સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, સમગ્ર શિક્ષા, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગાંધીનગર.
- માન.નિયામકશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી,ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ.
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ.
- શાસનાધિકારી, તમામ.